નવગુજરાત સમય, અમદાવાદ સમય
પાના નંબર :- ૦૨
તારીખ :- ૧૦|૦૨|૨૦૨૬

### રવિવારે PM મોદી ગાંધીનગરમાં મેટ્રો સ્ટેશનનું લોકાર્પણ કરશે

# જર્મન ચાન્સેલરનું સાબરમતી આશ્રમ ખાતે વડાપ્રધાન મોદી સ્વાગત કરશે

**નવગુજરાત સમય** > ગાંધીનગર

રવિવારે બપોરે 2 વાગે વડાપ્રધાન મોદી રાજકોટ પહોંચશે. અહીં સૌરાષ્ટ્ર-કચ્છ રિજનને આવરી લેતી વાઈબ્રન્ટ ગુજરાત રિજન કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે. રાજકોટથી સાંજે ચાર વાગે ગાંધીનગર આવવા રવાના થશે. ગાંધીનગર ખાતે સાંજે સચિવાલય ખાતેના મેટ્રો સ્ટેશનનું લોકાર્પણ કરશે અને સ્ટેશનની મુલાકાત લેશે. સેક્ટર 1 સુધી પહોંચેલી મેટ્રો હવે મહાત્મા મંદિર સુધીના 5.5 કિ.મી.ના રૂટ પર પણ પાંચ નવા સ્ટેશનો સાથે દોડતી થશે. વડાપ્રધાન ગાંધી આશ્રમના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટની સમીક્ષા બેઠક યોજી શકે છે. જોકે, આ અંગે હજુ કોઈ સત્તાવાર જાણકારી અપાઈ નથી. વડાપ્રધાન રાજભવન ખાતે રાત્રિ રોકાણ કરશે. સોમવારે સવારે 9.30 વાગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જર્મનીના ચાન્સેલર ફ્રેડરીચ મર્ઝનું સાબરમતી આશ્રમ ખાતે ઉષ્માસભર સ્વાગત કરશે. અહીં બન્ને મહાનુભાવો બાપુના આશ્રમની મુલાકાત લેશે. મહાત્મા ગાંધીને શ્રદ્ધાસૂમન અર્પણ કરી બન્ને મહાનુભાવો સીધા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના ઉદ્ઘાટન માટે પહોંચશે. અહીંથી બન્ને મહાનુભાવો અગાઉ મેટ્રો ટ્રેનમાં બેસીને ગાંધીનગર પહોંચનાર હતા. પરંતુ સલામતીના કારણોસર આ કાર્યક્રમમાં ફેરફાર થયો છે. હવે બન્ને રાષ્ટ્ર નેતાઓ મોટર માર્ગે મહાત્મા મંદિર પહોંચશે.

### જર્મની અને ભારત વચ્ચે સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ વધુ મજબૂત થશે

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત સહિતના વિવિધ દેશો પર લાદવામાં આવેલા ટેરિફને લઇને વિશ્વના અનેક દેશો અમેરિકા સાથેના વ્યાપાર સંબંધોના વિકલ્પોને મજબૂત કરી રહ્યા છે તેના ભાગરૂપે જર્મની અને ભારત પણ ૨૦૨૫થી વિવિધ સ્તરે ચર્ચા પરામર્શ કરી રહ્યા છે. આ પરામર્શની આગળની કડીના ભાગરૂપે 12 જાન્યુઆરીને સોમવાર મહત્ત્વનો દિવસ સાબિત થઇ શકે છે. જર્મન ચાન્સેલર ફ્રેડરીચ મર્ઝ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં સોમવારે સવારે ૧૧.૧૫ વાગે દ્વીપક્ષી બેઠક મહાત્મા મંદિર ખાતે યોજાનાર છે. જેમાં જર્મની અને ભારત વચ્ચે વેપાર સંબંધોને મજબૂત કરવા સંદર્ભે વિસ્તૃત મંથન થશે અને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અંગે હકારાત્મક જાહેરાત થવાની સંભવના છે. બન્ને નેતાઓ આ અંગે સંયુક્ત નિવેદન બહાર પાડશે.